મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

જા.નં. ના.નિ./૨૦૧૯/ 24593 થી 24598

તા- ૦૪/૧૧/૨૦૧૯

HUMANITIES

વી. ન. દ. ગુ. યુનિ. સુરત
આવક નં 24966
તારીખ 6-11-19

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી
સુરત.

વિષય: વર્ષ ૨૦૧૯- ૨૦ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થી માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ Digital Gujarat Portal મારફતં કરવા બાબતં.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના ઓનલાઈન ફોર્મ ભરી મંજુર કરી ચૂકવણુ કરવાનું થાય છે.

કોલેજો જે અરજીઓ ઓનલાઈન મંજુર કરી તેની નકલ તથા સાધનિક પુરાવા(તમામ ડોક્યુમેન્ટ) સહીતની દરખાસ્ત અત્રેની કચેરીને રજુ કરવાની થાય છે. તથા દરખાસ્તમાં કોલેજની માન્યતાનો લેટર તેના આધાર તેમજ ફી રેગ્યુલેટર કમિટીએ સંસ્થાનું જે ફીનું માળખું મંજુર કરેલ હોય તેના આધાર સાથે દરખાસ્ત ચકાસણી અર્થે અત્રેની કચેરીને રજુ કરવાની થાય છે. હજુ સુધી ઘણી બધી કોલેજોની દરખાસ્ત ફાઈલો અત્રેની કચેરીને મળેલ નથી જેના કારણે શિષ્યવૃત્તિ મંજુર કરવાની તથા ચૂકવણી કરવાની કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. જેથી તા-૧૫/૧૧/૨૦૧૯ સુધીમાં અત્રેની કચેરીમાં હાર્ડ કોપી જમા કરાવી જવા આપની કક્ષાએથી સૂચના કરવા જણાવવામાં આવે છે, વધુ માં જણાવવાનું કે જે કોલેજના વિદ્યાર્થી શિષ્યવૃત્તિનાં લાભથી વંચિત રહી જશે. તો તેની તમામ જવાબદારી જે-તે કોલેજના આચાર્યશ્રીની રહેશે. જેની જાણ થવા વિનંતિ.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના:

૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર ................તરફ જાણ સારૂ.
૨) આચાર્ય શ્રી, આઇ.ટી.આઇ, સુરત તરફ જાણ તથા તમામ આઇ.ટી.આઇને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.
૩) રજીસ્ટ્રારશ્રી, પી.પી.સવાણી યુનિવર્સીટી, સુરત તરફ જાણ તથા ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.
૪) રજીસ્ટ્રારશ્રી, ઓરો યુનિવર્સીટી, સુરત તરફ જાણ તથા ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.
૫) રજીસ્ટ્રારશ્રી, ઉકા તરસાડી યુનિવર્સીટી, સુરત તરફ જાણ તથા ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ